સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા બાળકોને ખુશીઓ વહેંચાઈ

ગાંધીનગર, તા. ૨૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વના યુવાનો દ્વારા સમાજના ઉત્થાનનાં સેવાકીય કાર્યો જરૂરતમંદ માટે અવારનવાર કરવામાં આવતા રહે છે જેના ભાગરૂપે દિવાળી નિમિત્તે નાનાં ભૂલકાઓના ચહેરા પર સ્મિત રેલાવવા એક નાનો પ્રયાસ માનવ સાધના કેન્દ્ર, અમદાવાદ ખાતે કરાયો જેમાં બેગ, પેડ, ચોકલેટ્સ, બીસ્કીટ, રમકડાં ભરેલી ૫૦૦થી વધારે કીટ તૈયાર કરી તેની વહેંચણી કરવામાં આવી હતી, જેનો લાભ ખૂબ મોટી સંખ્યામાં નાનાં ભૂલકાઓએ લીધો હતો.

સમગ્ર કાર્યનો ઉદેશ્ય જરૂરમંદ લોકોને સહાયરૂપ થઈ તેમના ચેહરા દીપાવવાનો અને ખુશી વહેંચવાનો હતો, જેનું સફળ આયોજન સર્વ નેતૃત્વ, ઓમ ભોલે ટ્રસ્ટ, દેસી જુગાડ, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, બાલ કૃષ્ણ સેન્ટર વતી પારુલ અત્તરવાલા, નરેન્દ્ર શર્મા, ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપક્રમને સફળ બનાવવા સર્વ નેતૃત્વના પૂર્વ તાલીમાર્થીઓ રજત દિવાન, યશ મકવાણા, ધ્રુવ વ્યાસ, દ્રષ્ટિ ડાભી, વિજેન્દ્ર અને જુના વાડજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ જાસ્મીના, દેનીશા, દિવ્યા, ચાહત, દર્શનાં, પીનલ, હિરલ, મિત્તલ અને શિક્ષકોએ સક્રિય સહાય પૂરી પાડી હતી.

જન્મદિને વધામણી

નિમેષ એમ ચૌહાણ
મો. ૯૪૨૭૧ ૪૩૪૬૬

ગ્રેવિશા જગદીશકુમાર સોની
મો. ૯૪૨૯૨ ૪૫૭૪૧

જૈમિન
દિપકકુમાર વાઘેલા
મો. ૭૦૪૧૧ ૨૪૯૫૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોકામાં મોકી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત

ગાંધીનગર, તા. ૨૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી. એડ. કોલેજ, સે.૨૩, ગાંધીનગરના તાલીમાર્થીઓએ અમદાવાદ ખાતે સ્થિત ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી. આ મુલાકાત તાલીમાર્થીઓને ગાંધીજીની જીવનશૈલી તેમજ તેમનાં કાર્યોનો પરિચય મળી રહે તે હેતુથી કરવામાં આવી હતી. ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત દરમિયાન તાલીમાર્થીઓ બી.એડ.કોલેજની પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહ્યા હતા.જેને લીધે ગાંધીવિચાર શૈલીવાળી પ્રાર્થનાનો ખ્યાલ તાલીમાર્થીઓને સ્પષ્ટ થયો હતો. પ્રાર્થના સભામાં વિદ્યાપીઠ દ્વારા વિદ્યાર્થીઓને કરાવવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ અને કાર્યોની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિજ્ઞાન કેન્દ્રમાં સાયન્સના વિવિધ પ્રયોગો નિહાળ્યા હતા. શ્રી મોરારજી દેસાઈ મ્યુઝીયમ, આદિવાસી સંશોધન અને પ્રશિક્ષણ સંસ્થાની મુલાકાત ઉપરાંત વિદ્યાપીઠના ગ્રંથાલયની મુલાકાત પણ વિદ્યાર્થીઓએ લીધી હતી.

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત ઍસ. કે. પટેલ સ્કૂલમાં પી.ટી.એમ યોજવામાં આવી હતી. જેમાં શિક્ષિકાઓએ પેરેન્ટ્સને તેમના બાળકોનાં પહેલા સત્રનાં રિપોર્ટ કાર્ડ દર્સાવી તેના પર સિગ્નેચર કરાવી હતી તથા તેમનાં બાળકોની ફાઈલો બતાવી હતી. આ પી.ટી.એમ.માં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી.

વેકેશન દરમિયાન જ પરીક્ષાની તારીખો આવતાં

જીટીયુ દ્વારા પરીક્ષા માટે નવી તારીખો નિયત કરાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા જાહેર કરાયેલા પરીક્ષાના કાર્યક્રમમાં દિવાળીની રજામાં જ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. આ મુદ્દે ભારે વિવાદ ઊભો થતા યુનિવર્સિટીએ પરીક્ષાની તારીખ એક સપ્તાહ પાછળ લઈ જવાની જાહેરાત કરી હતી. યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યા બાદ આ અંગે નવો કાર્યક્રમ જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર રેમેડિયલ સેમેસ્ટર ૪ અને ૬ની પરીક્ષા કે જે તા.૭મી નવેમ્બરથી લેવાની હતી તે હવે તા.૭મી ડિસેમ્બરથી લેવાશે. આ જ રીતે ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા પણ એક સપ્તાહ પાછળ લઈ જવાશે.

યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં તા.૧૧મી સુધી દિવાળીનું વેકેશન જાહેર કરાયું છે. તો બીજી બાજુ યુનિવર્સિટીએ ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી સહિતની જુદી જુદી પરીક્ષાનો કાર્યક્રમ પણ આ જ તારીખો માટે જાહેર કર્યો હતો. દિવાળીના વેકેશનમાં જ પરીક્ષા આપવી પડશે તેવું બહાર આવતાં વિદ્યાર્થીઓએ ઉચ્ચસ્તરે રજૂઆતો કરતા પરીક્ષાનો નવો કાર્યક્રમ નક્કી કરી દેવાયો છે. યુનિવર્સિટીના રજિસ્ટ્રારે શુક્રવારે નવો કાર્યક્રમ જાહેર થશે તેવું કહ્યું હતું પરંતુ શુક્રવારે આ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો ન હતો.

પરીક્ષાના ફેરફાર અંગે યુનિવર્સિટીના અધિકારીઓ કહે છે તા.૭મી નવેમ્બરથી રેમેડિયલ સેમેસ્ટર ૪ અને ૬ની પરીક્ષા લેવાની હતી તે હવે એક મહિનો પાછળ લઈ જવાનું નક્કી કરાયું છે. એટલે કે હવે આ પરીક્ષા હવે તા.૭મી ડિસેમ્બરથી લેવાશે. આ જ રીતે ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા કે જે તા.૭મીથી શરૂ થવાની હતી તે હવે તા.૧૪મી પછી લેવાનું નક્કી કરાયું છે. પ્રેક્ટિકલની પરીક્ષામાં પણ એક સપ્તાહ પાછળ લઈ જવાનું નક્કી કરાયું છે. જે દિવસો દરમિયાન વેકેશન છે ત્યારે રેમેડિયલ અને પ્રેક્ટિકલની પરીક્ષા હોવાથી તેને પાછળ લઈ જવાનું નક્કી કરાયું છે.

અલબત્ત, વિદ્યાર્થીઓને જીટીયુની સત્તાવાર જાહેરાતનો આધાર આ માટે લેવાની સલાહ આપવામાં આવી છે.

શહેર વિસ્તારના વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં પાલજ સરકારી શાળાની કૃતિ વિજયી બની

ગાંધીનગર, તા. ૨૦

જીસીઈઆરટી, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર અને શાસનાધિકારી, ગાંધીનગર તથા શાસનાધિકારી કચેરી, ગાંધીનગર શહેર વિસ્તાર દ્વારા ગાંધીનગર શહેર વિસ્તારનું 'ડૉ. વિક્રમ સારાભાઈ વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૩ ખાતે યોજવામાં આવ્યું હતું.

આ પ્રદર્શન અંતર્ગત ખેતી વિભાગમાં પાલજની સરકારી પ્રાથમિક શાળા દ્વારા 'ખેતી પેદાશોમાં વધારો કરવા માટે વૈજ્ઞાનિક પ્રયોગોના આધારે નકામા બીજનું પૂર્ણ વિકસિત વનસ્પતિમાં રૂપાંતર' કૃતિની રજૂઆત કરવામાં આવી હતી. આ કૃતિ વિજેતા બની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે હકદાર બની હતી.

શાળાનાં શિક્ષક ગીતાબેન એન પટેલના માર્ગદર્શનમાં પલક બિહોલા અને રિયા રાણા દ્વારા આ કૃતિની રજૂઆત કરવામાં આવી હતી. આચાર્ય નીતાબેન પટેલે શાળા પરિવાર વતી બંને વિજેતા વિદ્યાર્થિનીઓ તથા માર્ગદર્શક શિક્ષકને બિરદાવી અભિનંદન સહ વિદ્યાર્થિનીઓને ઇનામો એનાયત કર્યાં હતાં.

'વર્લ્ડ ઍન્ટી પૉવર્ટી ડે' નિમિત્તે

ગાંધીનગરના મુક્તિધામમાં કાનૂની શિક્ષણની શિબિર

રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ ગરીબી નિવારણ યોજનાઓ અંગે વિગતે માહિતી અપાઈ

ગાંધીનગર, તા. ૨૦

સુપ્રિમ કોર્ટના આદેશાનુસાર જિલ્લા કાનૂની સત્તામંડળ, ગાંધીનગરના ઉપક્રમે 'વર્લ્ડ ઍન્ટી પોવર્ટી ડે' નિમિત્તે ગરીબી નિવારણની વિવિધ કેન્દ્રની અને ગુજરાત રાજ્યની યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવા માટે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન મુક્તિધામ, સેક્ટર-૩૦ ખાતે કરવામાં આવ્યું હતું.

પૅરાલિગલ સ્વયંસેવક સુધીર દેસાઈ દ્વારા ગરીબી નિવારણ અંગેની વિવિધ યોજનાઓની સમજણ સાથે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ આ અંગે કઈ રીતે મદદરૂપ થઈ શકે તે વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. પીએલવી કાંતિભાઈ વૉરા દ્વારા કાનૂની સહાય અને મધુસૂદન જોષી દ્વારા સરકારી લાભાન્વિત યોજના અંગે છણાવટ કરવામાં આવી હતી.

૨૯ જેટલા કર્મચારીઓ સાથે મુખ્ય અતિથિ તરીકે શહેરના સમાજસેવક જીલુભા ધાંધલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ બૉર્ડ દ્વારા લેવામાં આવતી ધો. ૧૨, ૧૦ની પરીક્ષા પાંચમી માર્ચથી શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એકેડેમિક કેલેન્ડર મુજબ ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહ તથા ધો.૧૨ સાયન્સની પરીક્ષાઓ પાંચમી માર્ચથી શરૂ કરવામાં આવશે અને આ પરીક્ષાઓ ૨૧ માર્ચ સુધી ચાલશે. પ્રથમ કસોટી બાદ દ્વિતીય કસોટી ૨૭ જાન્યુઆરીથી શરૂ કરવામાં આવશે અને આ પરીક્ષા ૩ ફેબ્રુઆરી સુધી બીજી કસોટી ચાલશે. ત્યાર બાદ ધો.૧૦ની શાળાકક્ષાએ લેવાનારી પરીક્ષા તેમજ ધો.૧૨ સામાન્ય પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા ૧૦ ફેબ્રુઆરીથી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન લેવાનું આયોજન કરાયું છે. આ પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે. ધો.૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા ૧૪ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૨૬ ફેબ્રુઆરીએ પૂર્ણ થશે. જ્યારે શાળાઓમાં વાર્ષિક પરીક્ષા ૭ એપ્રિલથી શરૂ કરવામાં આવશે અને ૧૮ એપ્રિલે આ પરીક્ષાઓ પૂર્ણ થશે.

'પ્રણયોત્સવ'ના વિમોચન પ્રસંગે કવિ સંમેલન યોજાયું



પ્રવેગ કૉમ્યુનિકેશન દ્વારા શુક્રવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે,મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ), સિટી ગોલ્ડ સિનેમાની સામે,આશ્રમ રોડ,અમદાવાદ ખાતે સાહિત્યકાર સતીશ વ્યાસ અને કવિ ભાગ્યેશ જહાની ઉપસ્થિતિમાં કવિ રાજેશ વ્યાસ'મિસ્કીન'ના વરદ હસ્તે યુવા ગઝલકાર પારસ પટેલના ગઝલસંગ્રહ 'પ્રણયોત્સવ'નું વિમોચન કરવામાં આવ્યું અને એ નિમિત્તે આયોજન થયેલ કવિસંમેલનમાં રાજેશ વ્યાસ 'મિસ્કીન', ભાગ્યેશ જહા, મનીષ પાઠક'શ્વેત', હરદ્વાર ગોસ્વામી, કૃષ્ણ દવે, અનિલ ચાવડા, પ્રાર્થના જહા અને પારસ પટેલે પોતાની સ્વરચિત કવિતાનો પાઠ કર્યો. ભાગ્યેશ જહાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું અને સાહિત્યકાર સતીશ વ્યાસે ગઝલસંગ્રહને આવકાર આપી મનનીય વક્તવ્ય આપ્યું. વિમોચન બાદ રાજેશ વ્યાસે પ્રસન્નતા વ્યક્ત કરી.ત્યારબાદ કવિ પારસ પટેલે પોતાની કેફિયત રજૂ કરી. કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું. આભારવિધિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે સાહિત્યકારો, કવિતાના ભાવકો અને ચાહકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નહોતી.